# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

## નાણાસમિતિની મિટીંગ

તા. ૧૭/૦૬/૨૦૧૬ સમયઃ ૧૨:૦૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

| નાણાસમિતિની મીટિંગ | તા. ૧૭/૦૬/૨૦૧૬ |
|---|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાસમિતિની વર્ષ:-૨૦૧૬-૧૭ની પ્રથમ બેઠક મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૭/૦૬/૨૦૧૬ને સોમવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ ડૉ. કે. એસ. લીખીયા | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. દિવ્યાંશુભાઈ દવે<br>(ડાયરેક્ટર જનરલશ્રી) | સભ્યશ્રી | હાજર |
| 3. | મા. શ્રીમતી કમલામની રાવ<br>(રજિસ્ટ્રારશ્રી I/C) | સભ્યશ્રી | હાજર |
| ૪. | મા. શ્રી મેહુલભાઈ વ્યાસ<br>(નાણા અને હિસાબી અધિકારીશ્રી I/C) | સભ્યશ્રી | હાજર |
| ૫. | મા. શ્રી ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૬. | મા. શ્રી પ્રો. અરુણભાઈ દવે | સભ્યશ્રી | હાજર |

- આ સાથે નાણાસમિતિની બેઠકની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.

બેઠકના પ્રારંભમાં સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

| નાણાસમિતિની મીટિંગ | તા. ૧૭/૦૬/૨૦૧૬ |
|---|---|

# <u>નાણાસમિતિની કાર્યવાહી નોંધ</u>

<u>બાબત ક્રમાંકઃ ૧</u> CA ઓડિટ રીપોર્ટ વર્ષે : ૨૦૧૫-૧૬ વંચાણે લેવા બાબત.

<u>ઠરાવ ક્રમાંક- ૧</u> ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વર્ષ-૨૦૧૫-૧૬ના CA ઓડીટ રીપોર્ટની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે.

<u>બાબત ક્રમાંકઃ ૨</u> આંતરિક ઓડિટર (CA)ની વર્ષ: ૨૦૧૬-૧૭ માટે કરેલ પૂન:નિમણૂંક ધ્યાને લેવા બાબત

<u>ઠરાવ ક્રમાંક- ૨</u> ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા નિમાયેલા આંતરિક ઓડિટરની નિમણૂકની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે.

<u>બાબત ક્રમાંકઃ 3</u> (૧) શિક્ષણ વિભાગના ઠરાવથી વર્ષ-૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષમાં આયોજન હેઠળ ચાલુ બાબત તરીકે રૂ. ૩.૩૭ કરોડની મળેલ વહીવટી મંજૂરી ધ્યાને મુકવા બાબત

<u>ઠરાવ ક્રમાંક- 3</u> (૧) શિક્ષણ વિભાગના ઠરાવથી વર્ષ-૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષમાં આયોજન હેઠળ ચાલુ બાબત તરીકે રૂ. ૩.૩૭ કરોડની મળેલ વહીવટી મંજૂરીની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે.

<u>બાબત ક્રમાંકઃ 3</u> (૨) વર્ષ-૨૦૧૬-૧૭ માટે તપોવન સંશોધન પ્રોજેક્ટ હેઠળ રૂ. ૧૬ લાખનો નવી બાબત તરીકે થયેલ સમાવેશ ધ્યાને મુકવા બાબત.

<u>ઠરાવ ક્રમાંક- 3</u> (૨) વર્ષ-૨૦૧૬-૧૭ માટે તપોવન સંશોધન પ્રોજેક્ટ હેઠળ રૂ. ૧૬ લાખનો નવી બાબત તરીકે થયેલ સમાવેશની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે.

| નાણાસમિતિની મીટિંગ | તા. ૧૭/૦૬/૨૦૧૬ |
|---|---|

| | |
|---|---|
| બાબત ક્રમાંકઃ ૪ | વર્ષઃ ૨૦૧૫-૧૬ દરમિયાન થયેલ ખર્ચ બાબતે ખર્ચ પત્રક તેમજ બચત રકમ રૂ. ૧૪,૮૮૫/- સરકારશ્રીમાં પરત કર્યાની બાબત ધ્યાને મુકવા બાબત |
| ઠરાવ ક્રમાંક- ૪ | વર્ષઃ ૨૦૧૫-૧૬ દરમિયાન થયેલ ખર્ચ બાબતે ખર્ચ પત્રક તેમજ બચત રકમ રૂ. ૧૪,૮૮૫/- સરકારશ્રીમાં પરત કર્યાની બાબતની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૫ | શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ CHE/ISC-7/ચિલ્ડ્રન્સ યુનિ/૨૦૧૬/૧૫૬૭૭-૭૯ તા. ૨૪/૦૫/૨૦૧૬ થી મળેલ સૂચના અન્વયે વણ વપરાયેલા અનુદાન રૂ. ૨.૯૩ કરોડ સરકારશ્રીમાં પરત કર્યાની બાબત ધ્યાને મૂકવા બાબત |
| ઠરાવ ક્રમાંક- ૫ | શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ CHE/ISC-7/ચિલ્ડ્રન્સ યુનિ/૨૦૧૬/૧૫૬૭૭-૭૯ તા. ૨૪/૦૫/૨૦૧૬ થી મળેલ સૂચના અન્વયે વણ વપરાયેલા અનુદાન રૂ. ૨.૯૩ કરોડ સરકારશ્રીમાં પરત કર્યાની બાબતની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૬ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદાર/કરાર આધારિત કર્મચારીઓના વેતન/રોજ વધારા બાબતે F.C. ના તા. ૧૮/૦૧/૨૦૧૬ની બેઠકના ઠરાવ ક્રમાંકઃ ૮થી ગઠીત સમિતિનો અહેવાલ તથા તે સંદર્ભે કરેલ નિર્ણય ધ્યાને મૂકવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- ૬ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદાર/કરાર આધારિત કર્મચારીઓના વેતન/રોજ વધારા બાબતે F.C. ના તા. ૧૮/૦૧/૨૦૧૬ની બેઠકના ઠરાવ ક્રમાંકઃ ૮થી ગઠીત સમિતિનો અહેવાલ તથા તે સંદર્ભે કરેલ નિર્ણયની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૭ | કચેરીમાં રૂ. ૧૦,૦૦૦ થી વધુની ખરીદી/સેવા/કામ માટે ખરીદ સમિતિની કરવામાં આવેલી રચનાનો હુકમ ધ્યાને મુકવા બાબત |
| ઠરાવ ક્રમાંક- ૭ | કચેરીમાં રૂ. ૧૦,૦૦૦ થી વધુની ખરીદી/સેવા/કામ માટે ખરીદ સમિતિની કરવામાં આવેલી રચનાનો હુકમની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી. |

| નાણાસમિતિની મીટિંગ | તા. ૧૭/૦૬/૨૦૧૬ |
|---|---|

બાબત ક્રમાંક : ૮ F.C. ની તા. ૨૨/૧૦/૨૦૧૩માં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ અને F.C. દ્વારા ભલામણ થયેલ કામચલાઉ સ્ટેચ્યુટમાં ક્રમ-૨ અને ક્રમ-૩માં નીચે મુજબ સુધારો કરવા બાબત (પરિપત્ર-૨ માટે)

| ક્રમ | હાલની જોગવાઈ | સુધારવાની જોગવાઈ |
|---|---|---|
| ૨. | રૂ. ૩ લાખ સુધીની ખરીદી ૩ કે તેથી વધુ ભવપત્રકોમેળવી કરી શકશે | રૂ. ૧ લાખ સુધીની ખરીદી ૩ કે તેથી વધુ ભાવપત્રકો મેળવી કરી શકાશે. કચેરી ઈચ્છે તો વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી શકશે |
| ૩. | રૂ. ૩ લાખથી રૂ. ૫ લાખ સુધીની ખરીદી વર્તમાનપત્રમાં જાહેરાત આપી કરી શકાશે. | રૂ. ૧ લાખથી રૂ. ૫ લાખ સુધીની ખરીદી વર્તમાન પત્રમાં જાહેરાત આપી કરી શકશે. |

ઠરાવ ક્રમાંક- ૮ આ બાબતે હાલની વ્યવસ્થા યથાવત રાખવા ભલામણ કરવામાં આવી.

બાબત ક્રમાંક : ૯ કચેરીમાં વધારાના ૨૩ કે.વી વિજભારની લાઈન લેવા માટે કેમ્પસમાં સબસ્ટેશન બનાવવા થનાર અંદાજીત રૂ. ૫ લાખના ખર્ચની મંજૂરી મેળવવા બાબત

ઠરાવ ક્રમાંક- ૯ કચેરીમાં વધારાના ૨૩ કે.વી વિજભારની લાઈન લેવા માટે કેમ્પસમાં સબસ્ટેશન બનાવવા થનાર અંદાજીત રૂ. ૫ લાખના ખર્ચની મંજૂરી માટે આગામી ECની બેઠકમાં મંજૂરી અર્થે ભલામણ કરવામાં આવે છે.

બાબત ક્રમાંક ૧૦. આગામી સત્રથી શરૂ થનાર અભ્યાસક્રમોના અમલ માટે આનુશાંગિક તમામ કાર્યવાહી બાબત

ઠરાવ ક્રમાંક- ૧૦ આગામી સત્રથી શરૂ થનાર અભ્યાસક્રમોના અમલ માટે આનુશાંગિક તમામ કાર્યવાહી બાબતે નાણાકીય બાબતોના સંદર્ભે કરવાની થતી તમામ કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને સોંપવાની ભલામણ કરવામાં આવે છે અને આ બાબત આગામી EC બેઠકમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે.

અંતમાં બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી

તારીખ : ૧૭/૦૬/૨૦૧૬

સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

-Sd

કુલસચિવશ્રી (I/C)

Children's Universit